વીરપુરના ગામડામાં જળ સંકટ | લીમરવાડા અને વધાસ પંચાયતના વિસ્તારોમાં પીવાના પાણી માટે વલખાં

# વીરપુર પંથક 'ટેન્કર રાજ'ના ભરોસે પાણી માટે ગ્રામજનોમાં ત્રાહિમામ

**આખરે** ભાજપના પૂર્વ યુવા પ્રમુખ અને સરપંચે સ્વખર્ચે ટેન્કર શરૂ કર્યા



(પ્રતિનિધિ) વીરપુર તા.૨૭
વીરપુર પંથકમાં ઉનાળાની કાળઝાળ ગરમીમાં ગ્રામ્ય વિસ્તારોમાં પાણીની વિકટ સમસ્યા સર્જાઈ છે. તાલુકાની મુખ્ય બે ગ્રામ પંચાયતોમાં સ્થિતિ એટલી હદે વણસી છે કે ગ્રામજનોએ હવે સંપૂર્ણપણે ટેન્કર દ્વારા મળતા પાણી પર નિર્ભર રહેવું પડી રહ્યું છે. વહીવટી તંત્રની ઢીલી નીતિ વચ્ચે સ્થાનિક અગ્રણીઓ અને સરપંચો દ્વારા વ્યક્તિગત ધોરણે પાણી પહોંચાડવાની ફરજ પડી રહી છે.

વીરપુરના લીમરવાડા ગ્રામ પંચાયત હેઠળ આવતા જમણાવત અને નવી વસાહત વિસ્તારમાં છેલ્લા કેટલાક દિવસોથી પાણીના ટીપા માટે લોકો વલખાં મારી રહ્યા છે. આ ગંભીર સ્થિતિને જોતા ભાજપના પૂર્વ યુવા પ્રમુખ દ્વારા કોઈ પણ સરકારી સહાયની રાહ જોયા વિના, વ્યક્તિગત સ્તરે પાણીના ટેન્કર દોડાવી લોકોને રાહત પહોંચાડવાનું કાર્ય શરૂ કરવામાં આવ્યું છે.

બીજી તરફ, વધાસ ગ્રામ પંચાયતની સ્થિતિ પણ સમાન જોવા મળી રહી છે. અહીંના નાયક ફળીયુ અને વાલ્મિકી ફળીયામાં પાણીની બૂમરાણ મચતા, ગામના સરપંચ વહારે આવ્યા છે. સરપંચે પોતાના સ્વખર્ચે પાણીના ટેન્કરની વ્યવસ્થા કરી છે, જેથી ગ્રામજનોને પીવાનું પાણી ઉપલબ્ધ થઈ શકે.

અહીં પાણીની અછતને કારણે સ્થાનિકોની રોજિંદી જરૂરિયાતો ખોરવાઈ છે. ગ્રામજનોમાં તંત્ર પ્રત્યે ભારે રોષ જોવા મળી રહ્યો છે અને દર વર્ષે સર્જાતી આ સમસ્યાનો અંત લાવવા માટે કોઈ 'કાયમી પાણી યોજના' અમલમાં મૂકવા માગણી કરી છે.

### વીરપુર પાણી પુરવઠા વિભાગે પંચાયત પર જવાબદારી ઢોળી

'પાણી પુરવઠા વિભાગ ગામના મુખ્ય ટાંકા કે સંપ સુધી પાણી પહોંચાડવાની ૯૯.૯% જવાબદારી પૂરી કરે છે. ગામના આંતરિક ફળિયાઓ અને વાસમાં પાણીનું વિતરણ કરવાની જવાબદારી સ્થાનિક ગ્રામ પંચાયત અને 'વાસમો'ની છે. વાસમો યોજના હેઠળ કામગીરી અધૂરી હોવાને કારણે અમુક પરા વિસ્તારોમાં લોકોને પાણી મેળવવામાં મુશ્કેલી પડી રહી છે.' **- કૌશિક ચૌધરી, ડેપ્યુટી એન્જિનિયર, પાણી પુરવઠા વિભાગ, વીરપુર.**

લગ્નના નામે છેતરપિંડી | મહિસાગર પંથકમાં લુટેરી દુલ્હનનો ત્રાસ વધ્યો

# ખાનપુરના યુવકને નકલી લગ્ન કરાવી ૩ લાખનો ચૂનો ચોપડ્યો

**બાકોર પોલીસે** સાબરકાંઠાના સાત શખ્સો વિરુદ્ધ ગુનો નોંધ્યો

(પ્રતિનિધિ) લુણાવાડા તા.૨૭
મહિસાગર જિલ્લાના ખાનપુર તાલુકાના પાંડરવાડા ગામે રહેતા એક યુવકને લગ્ન કરાવવાની લાલચ આપી સાબરકાંઠાની એક ટોળકીએ પદ્ધતિસરનું કાવતરું રચી 3,02,530ની છેતરપિંડી આચરી હોવાની ફરિયાદ બાકોર પોલીસ મથકે નોંધાઈ છે. આરોપીઓએ ભેગા મળીને યુવકને નકલી લગ્ન વિધિમાં ફસાવી દાગીના અને રોકડ રકમ પડાવી લીધી હતી.

ખાનપુરના પાંડરવાડાના રહેવાસી અનુભાઈ ઈશ્વરભાઈ પંચાલે નોંધાવેલી ફરિયાદ મુજબ, તેઓ લગ્ન માટે પાત્રની શોધમાં હતા ત્યારે સાબરકાંઠાના ઈડર અને ખેડબ્રહ્માના શખ્સોએ તેમનો સંપર્ક કર્યો હતો. આ ગઠિયાઓએ નેહાબેન નામની યુવતી સાથે લગ્ન કરાવવાનું કહી વિશ્વાસમાં લીધા હતા. ગત માર્ચ મહિનામાં મોરખાખરા ગામે આવેલા ઝરમર માતાના મંદિરે અનુભાઈના લગ્ન નેહાબેન સાથે કરાવવામાં આવ્યા હતા.

આ લગ્નના બદલામાં અને યુવતીના કપડાં ખરીદવા જેવા બહાના હેઠળ આરોપીઓએ કટકે-કટકે રોકડ અને ઓનલાઈન ટ્રાન્સફર દ્વારા 2,85,530 પડાવ્યા હતા. આ ઉપરાંત, યુવતીને અંદાજે 17,000ની કિંમતના ચાંદીના દાગીના પણ પહેરાવવામાં આવ્યા હતા. આ લગ્નના માત્ર બે દિવસ બાદ યુવતી ઘરેથી કોઈ વસ્તુ લેવા જવાનું કહીને જતી રહી હતી, ત્યારબાદ ફોન બંધ આવવા લાગ્યા હતા.

આમ, પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાનું જણાતા અનુભાઈએ લાલજીભાઈ ખોખરીયા, વિનોદભાઈ ખોખરીયા, નેહાબેન પરમાર સહિત કુલ સાત શખ્સો સામે ફરિયાદ નોંધાવી છે. બાકોર પોલીસે વિવિધ કલમ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# વીરપુરમાં આધેડ પર હુમલો મોબાઈલ - લેપટોપ ઝુંટવ્યાં

**સોશ્યલ** મિડિયા પર પોસ્ટ કરવા બાબતે પાઈપ અને દંડા વડે હુમલો કર્યો

(પ્રતિનિધિ) વીરપુર તા.૨૭
મહીસાગર જિલ્લાના વિરપુર ગામે સોશ્યલ મિડિયા પર પોસ્ટ મૂકવા જેવી નજીવી બાબતે એક આધેડ ખેડૂતના ઘરમાં ઘૂસી ચાર શખ્સોએ હુમલો કર્યો હોવાની ઘટના પ્રકાશમાં આવી છે.

વીરપુરના દાણી ફળીયામાં રહેતા ૫૧ વર્ષીય ખેડૂત ભદ્રેશકુમાર જશવંતલાલ સુથાર ગત ૨૩મી મેના રોજ રાત્રિના સમયે પોતાના ઘરે સૂતા હતા. આ દરમિયાન રાત્રે આશરે એક વાગ્યાના સુમારે ગામના જ પિનાકીન મુકેશભાઈ શુક્લ, ચિરાગ ઘનશ્યામભાઈ જોષી, ગૌરાંગ ઉર્ફે બિટ્ટુ મહેશકુમાર બામણીયા અને એક અજાણ્યો શખ્સ હથિયારો સાથે તેમના ઘરમાં ધસી આવ્યા હતા.

આ શખસોએ 'તે ફેસબુક ઉપર કેમ સ્ટોરી મૂકી છે ?' તેમ કહી અપશબ્દ બોલી હુમલો કર્યો હતો. પિનાકીને લાકડાના દંડાથી, ચિરાગે લોખંડની પાઈપથી અને અન્ય શખ્સોએ લાકડાના ફટકા મારી ભદ્રેશકુમારને ગંભીર ઈજાઓ પહોંચાડી હતી. હુમલો કર્યા બાદ ચારેય શખસે ખેડૂતનો લેપટોપ અને મોબાઈલ ફોન લૂંટીને ફરાર થઈ ગયા હતા. જતાં-જતાં પોલીસમાં ફરિયાદ કરશો તો મારી નાખવાની ધમકી પણ આપી હતી. આ અંગે ભદ્રેશકુમારે વીરપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ગુજરાત મિત્રના અહેવાલ બાદ માતરના ધારાસભ્ય કલ્પેશ પરમાર એક્શન મોડમાં આવ્યાં

# ખેડા પાલિકામાં ભ્રષ્ટ એજન્સીનું પેમેન્ટ રોકવા અને બ્લેકલિસ્ટ કરવા આદેશ

**ચીફ ઓફિસર** અને એન્જિનિયર ગેરહાજર જણાતા સ્ટાફને આડે હાથે લીધો



(પ્રતિનિધિ) ખેડા તા.૨૭
સમગ્ર ગુજરાતમાં ભ્રષ્ટાચાર અને ગેરવહીવટ માટે સતત ચર્ચામાં રહેતી ખેડા નગરપાલિકામાં આખરે લોકપ્રતિનિધિએ મોરચો ખોલ્યો છે. અખબારી અહેવાલોના ધડાકા બાદ માતરના ધારાસભ્ય કલ્પેશભાઈ પરમારે બુધવારે પાલિકાની ઓચિંતી મુલાકાત લેતા વહીવટી તંત્રમાં ફફડાટ વ્યાપી ગયો હતો. નબળા રોડ કામ અને વહીવટી શિથિલતાને પગલે ધારાસભ્યએ એજન્સીનું પેમેન્ટ તાત્કાલિક અસરથી અટકાવી દેવા અને નવો રોડ બનાવવા માટે કડક સૂચનાઓ આપી છે.

માતરના ધારાસભ્ય કલ્પેશભાઈ પરમારે જ્યારે પાલિકા કચેરીમાં ધાબુ બોલાવ્યું ત્યારે જવાબદાર ચીફ ઓફિસર કે એન્જિનિયર પોતાની ખુરશી પર હાજર ન હતા. આથી, ધારાસભ્ય પણ પાલિકાના જવાબદારોની ગેરહાજરી જોઈને લાલઘૂમ થયાં હતાં અને હાજર કર્મચારીઓને આડે હાથે લીધા હતા અને પાલિકામાં ચાલતી મનસ્વી કામગીરી સામે રોષ ઠાલવ્યો હતો.

ધારાસભ્યએ ભ્રષ્ટાચારની વ્યાપક ફરિયાદો વચ્ચે બે રોડનું સ્થળ નિરીક્ષણ પણ કર્યું હતું. તેઓએ કામની હલકી ગુણવત્તા જોઈ તેમણે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે, આ પ્રકારનો ગેરવહીવટ ચલાવી લેવામાં આવશે નહીં. આ મામલે ટાઉન પ્લાનિંગ કમિટીના ચેરમેન દિનેશભાઈ રાઠોડે પણ સૂર પુરાવતા લેખિત પત્ર દ્વારા ભ્રષ્ટ એજન્સીને બ્લેકલિસ્ટ કરવા અને તેની સામે કાયદાકીય પગલાં ભરવાની માંગ કરી છે.

# નડિયાદ : બાળકી - માતાની છેડતી કરનારની ધરપકડ

(પ્રતિનિધિ) નડિયાદ તા.૨૭
નડિયાદ પંથકમાં માનવતાને નેવે મૂકતો એક કિસ્સો પ્રકાશમાં આવ્યો છે, જેમાં એક શખ્સે 4 વર્ષની બાળકી અને તેની માતા સાથે અત્યંત બિભત્સ વર્તન કરી છેડતી કરી હોવાની ફરિયાદ નોંધાઈ છે. આ શખસે જાહેરમાં નગ્ન થઈને બિભત્સ ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપતા સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે. વડતાલ પોલીસે તાત્કાલિક કાર્યવાહી કરી આરોપીને જેલના સળિયા પાછળ ધકેલી દીધો છે.

આ ઘટનાની વિગતો મુજબ, ભોગ બનનાર મહિલા પોતાની 4 વર્ષની દીકરી સાથે હાજર હતી ત્યારે દીપક ઠાકોરે બદઈરાદા સાથે માસૂમ બાળકીને બાથમાં પકડી બિભત્સ હરકતો શરૂ કરી હતી. દીકરીને બચાવવા વચ્ચે પડેલી માતા પર પણ હુમલો કરી તેને બળજબરીપૂર્વક પકડી લીધી હતી અને ઝપાઝપી દરમિયાન મહિલાનો ડ્રેસ ફાડી નાખ્યો હતો. આ વિકૃત શખ્સે માત્ર છેડતી જ નહીં, પરંતુ જાહેરમાં નગ્ન થઈને અત્યંત ગંદો વાણી વિલાસ કર્યો હતો અને જાનથી મારી નાખવાની ધમકીઓ આપી હતી. આ અંગે ભોગ બનનાર મહિલાની સત્તાવાર ફરિયાદના આધારે વડતાલ પોલીસે ગુનો નોંધી આરોપી દીપક ઠાકોરની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

આ ચકચારી ઘટનામાં દીપક ઠાકોરે પણ સામી ફરિયાદ નોંધાવી છે. તેના દાવા મુજબ, પાણી કાઢવા જેવી સામાન્ય બાબતે થયેલી બોલાચાલીમાં મહિલા અને તેના પરિવારે તેને દંડા વડે માર માર્યો હતો.

## આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

### કપડવંજ એપીએમસી દ્વારા ખેડૂતોના સંતાનો માટે રાહત દરે નોટબુક વિતરણનો સેવાયજ્ઞ કરાયો



**કપડવંજ |** કપડવંજ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ દ્વારા સેવા અને તેલીબીયાં મંડળીઓના સહયોગથી નાના અને સીમાંત ખેડૂતોના બાળકો માટે નોટબુક વિતરણ કાર્યક્રમ યોજાયો હતો. આ શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭ના પ્રારંભે વિદ્યાર્થીઓને મદદરૂપ થવા માટે માત્ર ૧૯ રૂપિયાના રાહત ભાવે નોટબુક્સનું વિતરણ કરવામાં આવ્યું છે. બજાર સમિતિના ચેરમેન ધવલભાઈ પટેલ, સદસ્યો અને સેક્રેટરી દક્ષેશભાઈ પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં આ ખેડૂતલક્ષી અભિગમ હાથ ધરાયો હતો. આ સેવાકીય કાર્યમાં બજાર સમિતિના વિવિધ હોદ્દેદારો અને કર્મચારીઓએ હાજર રહી ખેડૂત પુત્રોના શૈક્ષણિક વિકાસ માટેના પ્રયાસને બિરદાવ્યો હતો.

### કપડવંજમાં સૈયદી ખોજબીન મલક સાહેબનો 441મો ઉર્ષ શ્રદ્ધાભેર ઉજવાયો



**કપડવંજ |** કપડવંજ-નિરમાલી રોડ પર દાઉદી વ્હોરા સમાજના સૈયદી ખોજબીન મલક સાહેબનો 441મો ઉર્ષ તાજેતરમાં ભક્તિભાવપૂર્વક સંપન્ન થયો હતો. આ પ્રસંગે મુંબઈ સહિત બહારગામથી મોટી સંખ્યામાં આવેલા શ્રદ્ધાળુઓએ વાયઝ અને જિયારત કરી વિશ્વ કલ્યાણની દુઆ માંગી હતી. આ કાર્યક્રમમાં નગરપાલિકા પ્રમુખ સેજલ પટેલ અને ભાજપના અગ્રણીઓ સહિત અનેક રાજકીય-સામાજિક મહાનુભાવોએ ઉપસ્થિત રહી શ્રદ્ધા સુમન અર્પણ કર્યા હતા. અંજુમને બુરાહાની જમાત અને મઝારના મેનેજર મુરતુઝાભાઈ નઝમી દ્વારા આ સમગ્ર ઉર્ષનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું.

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩
ગતિવિધિ
આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.
આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

### કઠલાલ સિનિયર સિટીઝન ક્લબની વર્ષ ૨૦૨૬-૨૭ની નવી કારોબારીની બેઠક યોજાઈ



**કઠલાલ |** કઠલાલ સિનિયર સિટીઝન ક્લબની વર્ષ ૨૦૨૬-૨૭ની નવી કારોબારી સમિતિની પ્રથમ બેઠક રૂદણ સ્થિત હોટલ ખાતે ઉત્સાહભેર યોજાઈ હતી. પ્રમુખ આર.જે. પટેલે નવા સભ્યોનું સ્વાગત કર્યું હતું અને ભોજનના દાતા બીપીનભાઈ પટેલનું સન્માન કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં આગામી વર્ષ દરમિયાન હાથ ધરવામાં આવનારા વિવિધ કાર્યક્રમોના આયોજન અંગે સભ્યો દ્વારા વિસ્તૃત ચર્ચા-વિચારણા અને સલાહ-મશવરા કરવામાં આવ્યા હતા. પ્રમુખએ સૌ સભ્યોને સાથ-સહકાર આપવા અપીલ કરી હતી અને અંતમાં તમામ સભ્યોએ સાથે મળીને સ્વરુચિ ભોજનનો આનંદ માણ્યો હતો.

### કઠલાલના લસુન્દ્રાની દૂધ મંડળીના મૃતક સભાસદના પરિવારને ૨ લાખ સહાય અર્પણ

**કઠલાલ |** કઠલાલના લસુન્દ્રા ગામે માર્ગ અકસ્માતમાં મૃત્યુ પામેલા સભાસદ જેસંગભાઈ સોલંકીના પત્ની મંજુલાબેનને અમુલ દ્વારા રૂ.૨ લાખની અકસ્માત વીમા સહાયનો ચેક આપવામાં આવ્યો હતો. છેલ્લા પાંચ વર્ષથી મંડળીમાં દૂધ ભરતા સભાસદના પરિવારને આર્થિક ટેકો મળે તે માટે મંડળીના ચેરમેન અને કમિટી દ્વારા ઉત્તમ કામગીરી કરવામાં આવી હતી. આ પ્રસંગે અમુલ ડેરીના પ્રતિનિધિઓ અને મંડળીના હોદ્દેદારો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.



### આણંદના વાસદ ખાતે બ્રહ્માકુમારીઝ દ્વારા તેજસ્વી વિદ્યાર્થીઓનો સન્માન સમારોહ યોજાયો



**આણંદ |** વાસદના 'શિવાલય' બ્રહ્માકુમારીઝ કેન્દ્ર પર ધોરણ ૧૦ અને ૧૨ના મેરિટમાં આવેલા વાસદ અને આસપાસના ગામોના ૭૦ વિદ્યાર્થીઓને મોમેન્ટો આપી સન્માનિત કરાયા હતા. ૨. આ પ્રસંગે વાસદ કોલેજના ચેરમેન ભાસ્કરભાઈ સહિત અનેક મહાનુભાવોની ગરિમામય ઉપસ્થિતિમાં વિદ્યાર્થીઓના ઉત્સાહમાં વધારો કરવામાં આવ્યો હતો. ધ સાલ્વેશન આર્મી હાઈસ્કૂલ, આણંદના ૧૨ સાયન્સના પ્રથમ ક્રમાંકિત વિદ્યાર્થી કેવિન વાણીયાનું મહાનુભાવોના હસ્તે વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. આ સંસ્થાના વડા દીપા દીદી દ્વારા આયોજિત આ કાર્યક્રમમાં સન્માનની સાથે વિશ્વશાંતિ મેડિટેશન દ્વારા વિદ્યાર્થીઓને આધ્યાત્મિક પ્રોત્સાહન પૂરું પાડવામાં આવ્યું હતું.

### નડિયાદના ફતેપુરામાં ખાતરોના સમતોલ ઉપયોગ અંગે ખેડૂતો માટે જાગૃતિ તાલીમ યોજાઈ



**નડિયાદ |** નડિયાદના ફતેપુરા ગામે ખેતી ખર્ચ ઘટાડવા અને જમીનની ફળદ્રુપતા જાળવવા માટે ખાતરોના વૈજ્ઞાનિક અને સંકલિત ઉપયોગ અંગે ખેડૂતોને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આણંદ કૃષિ યુનિવર્સિટીના વૈજ્ઞાનિકો અને નિષ્ણાતોએ ખેડૂતોને જમીન પરીક્ષણના આધારે સજીવ અને રાસાયણિક ખાતરોનું સંતુલન જાળવી પર્યાવરણમૈત્રી ખેતી અપનાવવા અનુરોધ કર્યો હતો. તાલીમમાં ખેડૂતોને પીએમ-કિસાન ઈ-કેવાયસી, કૃષિ પ્રગતિ એપ્લિકેશન અને ખેતીવાડી વિભાગની વિવિધ યોજનાઓ વિશે પણ વિસ્તૃત માહિતી પૂરી પાડવામાં આવી હતી. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ખેડૂત અને પશુપાલક ભાઈ-બહેનોએ ઉપસ્થિત રહ્યાં હતાં.

### વીરપુરમાં કાળઝાળ ગરમીમાં પેટ્રોલ પંપ પર વાહનચાલકોને વિનામૂલ્યે છાશ વિતરણ કરાઇ



**વીરપુર |** વીરપુર-લીંબડીયા રોડ પર સહજાનંદ ફીલીંગ સ્ટેશનના માલિક મહેન્દ્ર બારોટ દ્વારા ઈંધણ માટે લાંબી લાઈનોમાં ઉભેલા વાહનચાલકોને ગરમીમાં રાહત આપવા ઠંડી છાશનું વિતરણ કરવામાં આવ્યું હતું. હાલની અસહ્ય ગરમી અને પેટ્રોલ-ડીઝલની અછત વચ્ચે કલાકો સુધી રાહ જોતા ચાલકોની તરસ છિપાવવા માટે આ સુંદર સેવા શરૂ કરાઈ છે. માત્ર વેપાર નહીં પણ માનવતાને પ્રાધાન્ય આપીને શરૂ કરાયેલા આ પ્રયાસની સ્થાનિકો અને મુસાફરો દ્વારા ભારે પ્રશંસા કરવામાં આવી રહી છે. આ સેવા થકી થાકેલા વાહનચાલકોએ હાશકારો અનુભવ્યો હતો અને સમાજમાં સેવા ભાવનાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું હતું.

### ભાઈકાકા યુનિ. દ્વારા પોરડા અને સુણાવના 450 પરિવારોને 'આરોગ્ય સુરક્ષા'નો લાભ



**આણંદ |** કરમસદની કૃષ્ણ હોસ્પિટલ દ્વારા ફેમિલી એડપ્શન પ્રોગ્રામ હેઠળ શ્રી 'આશીર્વાદ યોજના'માં દત્તક લીધેલા 450 ગ્રામ્ય પરિવારોનો સમાવેશ કરાયો છે. આ યોજના હેઠળ કાર્ડ ધારકોને નિ:શુલ્ક ઓપીડી, આઈપીડી કન્સલ્ટેશન અને લેબોરેટરી તથા રેડિયોલોજીકલ તપાસમાં 25% રાહત મળશે. ડો. મનિષા ગોહિલના માર્ગદર્શનમાં આ કાર્ડ વિતરણ દ્વારા ગ્રામીણ વિસ્તારમાં આરોગ્ય સેવાઓને વધુ સસ્તી અને સુલભ બનાવાઈ છે. આ પહેલનો મુખ્ય ઉદ્દેશ્ય આર્થિક સંકડામણ દૂર કરી ગ્રામજનોને ગુણવત્તાયુક્ત અને સસ્તી આરોગ્ય સેવાઓ પૂરી પાડવાનો છે.

### વાસદની SVIT ખાતે AR/VR ગેમ ડેવલપમેન્ટ પર રાષ્ટ્રીય કક્ષાનો વર્કશોપ યોજાયો



**આણંદ |** વાસદ સ્થિત એસવીઆઈટી સંસ્થાના કોમ્પ્યુટર અને સીએસડી વિભાગ દ્વારા 'ગેમ ડેવલપમેન્ટ વીથ એઆર - વીઆર' વિષય પર રાષ્ટ્રીય સ્તરના ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં કેપરમિન્ટ ટેક્નોલોજીસના નિષ્ણાતો દ્વારા ગુજરાતની વિવિધ સંસ્થાઓના ૪૭ જેટલા ફેકલ્ટી સભ્યોને આધુનિક ટેકનોલોજીનું પ્રાયોગિક માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. વર્કશોપ દરમિયાન યુનિટી અને વુફોરિયા જેવા ટૂલ્સની તાલીમ આપીને શિક્ષકોને શૈક્ષણિક અને સંશોધન પ્રવૃત્તિઓમાં નવીનતા લાવવા માટે સશક્ત બનાવવામાં આવ્યાં હતાં. આ સંસ્થાના પ્રિન્સિપાલ ડો. ડી. પી. સોનીના માર્ગદર્શન હેઠળ સંપન્ન થયો હતો.

### ખંભાતના કલોદરા હાઈસ્કૂલના વિદ્યાર્થીઓએ ડાયાલિસિસ અને ડેન્ટલ સેન્ટરની મુલાકાત લીધી



**ખંભાત |** ખંભાત તાલુકાના કલોદરા ગામની શ્રી ચંચલ દીપ વિદ્યાવિહારના વિદ્યાર્થીઓએ વેકેશન દરમિયાન ડાયાલિસિસ સેન્ટર અને દાંતના દવાખાનાની શૈક્ષણિક મુલાકાત લીધી હતી. આ મુલાકાત દ્વારા વિદ્યાર્થીઓએ દાંતની જાળવણી અને કિડનીને સ્વસ્થ રાખવા અંગેની મહત્વપૂર્ણ વૈજ્ઞાનિક માહિતી અને માર્ગદર્શન પ્રાપ્ત કર્યું હતું. આરોગ્ય ક્ષેત્રમાં રસ ધરાવતા અને નવું શીખવાની તમન્ના ધરાવતા વિદ્યાર્થીઓના વિકાસ માટે શાળા દ્વારા વેકેશનનો આ સુંદર સદઉપયોગ કરાવાયો છે. આ નવતર પ્રયોગનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓને આરોગ્ય પ્રત્યે જાગૃત કરવાનો અને તબીબી ક્ષેત્રના વિવિધ પાસાઓથી પ્રત્યક્ષ રીતે અવગત કરવાનો રહ્યો હતો.

### આણંદની ભીખાભાઈ પટેલ ઇન્સ્ટિટ્યૂટના ગુજરાતી વિભાગનું સો ટકા પરિણામ

**આણંદ |** ચરોતર એજ્યુકેશન સોસાયટી સંચાલિત શ્રી ભીખાભાઈ પટેલ ઇન્સ્ટિટ્યૂટના ગુજરાતી વિભાગે એમ.એ. સેમેસ્ટર-૨ની પરીક્ષામાં સો ટકા પરિણામ મેળવી સંસ્થાનું ગૌરવ વધાર્યું છે. આ પરીક્ષામાં સંસ્થાના કુલ ૧૬ વિદ્યાર્થીઓએ યુનિવર્સિટીના ટોપ-૧૦ રેન્કમાં સ્થાન પ્રાપ્ત કરીને ઝળહળતી સફળતા હાંસલ કરી છે. સંસ્થાના મંત્રી કેતનકુમાર પટેલ, એડમિનિસ્ટ્રેટર વિનોદભાઈ પરમાર અને પ્રિન્સિપાલ ડૉ. ભગવાનસિંહ સોલંકીએ વિદ્યાર્થીઓની આ સિદ્ધિને હાર્દિક અભિનંદન પાઠવ્યા હતા. આ કેમ્પસ ડાયરેક્ટર મહેશભાઈ પટેલ અને વરૂણભાઇ પટેલ સહિત સમગ્ર સંસ્થા પરિવારે સફળતા મેળવનાર તમામ તેજસ્વી વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવી છે.